જાન્યુઆરીના પ્રથમ સપ્તાહે ''મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨''નું આયોજન

સમિટ સાથે બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨નું પણ આયોજન : ત્રિમંદિર નજીક ૩.૨૫ લાખ ચો.મી.માં ત્રણ દિવસ માટે બિઝનેસ સમિટ યોજાશે

૩ લાખથી વધુ મુલાકાતીઓનો અંદાજ ૬૦૦ થી વધુ બ્રહ્મ પ્રતિભાઓને સન્માનિત કરાશે : બીટુબી-બીટુસી સાથે ૨૦૦ થી વધુ સ્ટોલ્સ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીકના અડાલજ ખાતે ત્રિમંદિર નજીક આગામી તા. ૩ જીથી ૫ મી જાન્યુઆરી દરમ્યાન ગુજરાતના બ્રાહ્મણોની મેગા બિઝનેસ સમિટ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ કાર્યક્રમ યોજવા થઈ રહ્યો છે. મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ ૩.૨૫ લાખ ચોરસ મીટર જગ્યામાં યોજાશે જેમાં ત્રણ લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લેશે તેવો અંદાજ છે. આ સાથે તા. ૩ જી જાન્યુઆરીએ યોજાનાર ધર્મસભામાં સવારે ૯ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા તથા શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેશે.

મેગા બ્રાહ્મણ સમિટમાં ૨૦૦ ઉપરાંત ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ ઉભા કરાશે તેમજ બીટુબી અને બીટુસી બેઠકો સાથે ઉદ્યોગને ઉત્તેજન આપવા સાથે રોજગાર મેળા થકી દસ હજારથી વધુ બ્રાહ્મણ યુવક-યુવતિઓને રોજગારી આપવાનો અંદાજ છે. સમિટ દરમ્યાન યોજાનારા બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ માં ૬૦૦ થી વધુ બ્રહ્મ પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવશે તેવુ આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના કન્વીનર-મહામંત્રી ડૉ. યજ્ઞેશ દવેએ જણાવ્યું હતુ. આ સાથે તેમણે જણાવ્યું હતુ કે ''મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ''માં સફળ વ્યવસાયિકો અને ઉદ્યોગપતિઓ દ્વારા માર્ગદર્શન સેમિનાર, મહિલા બાળ સ્સેમિનાર, મહિલા સશક્તિકરણ, મહિલા ઉદ્યોગપતિ અને સરકારી અધિકારીઓ દ્વારા પણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. મેગા બ્રાહ્મણ સમિટમાં પરિવાર સાથે આવનારા મુલાકાતીઓ માટે મનોરંજન પાર્ક જેવા આકર્ષણો ઉપલબ્દ હશે તેમજ અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વમંત્રી ભરતસિંહ સોલંકી, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ સહિત કોંગ્રેસી અગ્રણીઓ તા. ૪ થી જાન્યુઆરીએ સમિટમાં પધારશે. આ ઉપરાંત રાજયપાલ આચાર્ય દેવવ્રત, ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ, રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રા સહિત રાજ્યના મંત્રીમંડળના મંત્રીઓ પણ ત્રણ દિવસ દરમ્યાન મુલાકાત લેશે. પત્રકાર પરિષદમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ''ગુજરાત રાજ્યના બ્રહ્મસમાજ માટે ''બ્રહ્મ હેલ્થ કાર્ડ'' યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં ૭ હજારથી વધુ પરિવારોને તબીબો દ્વારા ૭૦૦ થી વધુ મેડિકલ સેવાઓમાં ૫૦ ટકા સુધીનુ ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યુ છે. બિઝનેસ સમિટમાં ૫ મી જાન્યુઆરીએ આ તબીબોને સન્માનિત કરી વધુ બ્રહ્મ હેલ્થ કાર્ડ વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.''

આજની પત્રકાર પરિષદમાં જાણીતા કથાકાર-સાહિત્યકાર કનૈયાલાલ પંડ્યા, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના અધ્યક્ષ ભરતભાઈ રાવલ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, કન્વીનર-મહામંત્રી ડૉ. યજ્ઞેશ દવે, મુખ્ય સંગઠક કમલેશભાઈ વ્યાસ, મિડીયા સેલના કન્વીનર પ્રદિપભાઈ રાવલ વગેરેએ ઉપસ્થિત રહી મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ ના આયોજન અંગે જરૂરી માહિતી પુરી પાડી હતી.

ગાંધીનગરના પંચદેવ મંદિરે આજે સામાજિક સમરસતા મંચની ''સામાજિક સમરસતા યાત્રા'' આવી પહોંચી હતી જેનું ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું અને મંદિરના પૂજારી ભાનુપ્રસાદ મહારાજ દ્વારા આરતી ઉતારવામાં આવી હતી. સામાજિક સમરસતા યાત્રા હિન્દુ સમાજની તમામ જ્ઞાતિઓ વચ્ચે સમરસતા જળવાઈ રહે તે હેતુથી યોજવામાં આવી છે જેનુ પાટનગરના માર્ગો પર ભ્રમણ યોજાયુ હતુ અને યાત્રા દ્વારા ''કોઈ હિન્દુ યતિત નથી - દરેક હિન્દુ ભાઈ-ભાઈ છે'' તે સંદેશને ઘરે ઘરે પહોંચાડવા પ્રયાસ કરાયો હતો.

અંતરમાં લોભ જાગે પછી માણસ સ્થિરતાથી બેસી શકતો નથી : પૂ. ગુરુમા

ભાગવત ની કથા માં વિવિધ ચરિત્રો ના સુંદર નિરૂપણ છે... આ ચરિત્રોના નિરૂપણ દ્વારા ભાગવત્ કહે છે બાળવયથી જ ભાગવત્ ધર્મનું આચરણ કરવું જોઈએ. મોટા થઈને ત્યાં સુધી સંસારનો રંગ ચઢી ગયો હોય પછી ભગવાનનો રંગ ઝડપથી ચઢતો નથી.

મનુષ્ય એ સુખ માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. જેવી રીતે દુઃખ આવે છે એમ જ સુખ પણ આવે છે.

મંદ્રાચલ પર્વત અને વાસુકી નાગની મદદથી દેવતા અને અસુરો દ્વારા થયેલું સમુદ્ર મંથન એ દરમ્યાન ભગવાન નારાયણની અદભૂત વાતો જેમ કે ભગવાનનું કુર્મરૂપ, પ્રભુના મોહીની અવતારની મનમોહક વાતો ભક્ત હૃદયમાં ભક્તિનો સાગર લહેરાવે છે.

પરિવાર હોવા છતાં ધર્મ – ઈશ્વરને પ્રાધાન્ય હોવું જોઈએ આ ઉપદેશ પરોક્ષ રીતે ભાગવત્ દ્વારા પ્રાપ્ત થાય છે.

બલિના ઉદાહરણથી કહેવાયું છે કે મનુષ્ય એ જીવન દરમ્યાન સંપતિનો જરૂર જેટલો જ સંગ્રહ કરવો જોઈએ. પોતાના ધનને પાંચ વિભાગમાં વહેંચવાની સલાહ આપવામાં આવી છે. ધર્મ, યશ, ધનવૃધ્ધિ માટે ધનનો ઉપયોગ, ઈચ્છાપૂર્તી માટે ધનનો ઉપયોગ, જ્ઞાતિબંધુ માટે ધન ફાળવવું જોઈએ. પ્રત્યેક કર્મનું ફળ મનુષ્ય એ ભોગવવાનું જ છે. એ વાત નું કથન શુક્રચાર્યજીના આંખ ગુમાવવાના પ્રસંગ ના સચોટ કથન થકી પૂ. ગુરુમા દ્વારા થયું. પ્રભુની અનુગ્રહની રીત અનુઠી છે. તેઓ જેના પર અનુગ્રહ રાખે છે એને ચારેબાજુ થી આસક્તિ છોડાવી પોતાના તરફ ખેંચે છે. વિપતિ જીવના કલ્યાણ માટે હોય છે. પ્રભુના અભિમુખ કરનારી હોય છે.

ભાગવત્ માં બલિરાજાના પ્રસંગ દ્વારા પ્રભુની ભક્તવત્સલતા સુંદર રીતે ચરિતાર્થ થઈ છે. એજ રીતે નાભાગ, અંબરિષ મહારાજના આખ્યાન થકી અનેક રસમય વાતો, ઉપદેશક વાતો અંતરમાં ઘોળાતી રહે છે. મુમુક્ષુ એટલે કે પ્રભુપરાયણ લોકો એ વિલાસી લોકોનો સંગ ત્યાજવો જોઈએ. ઈન્દ્રિયોને બેફામ રાખી જગતમાં રખડતી મુકવી જોઈએ નહીં. એકાંતમાં રહી પોતાના મનને પ્રભુધ્યાનમાં લગાવવું જોઈએ. પોતાના મન સાથે ડીલ કરતાં શીખવું એ આરાધના છે. જગત કોઈના સુધાર્યે સુધરતું નથી. શક્ય એટલી સેવા – મદદ કરવી એજ ઉપાય છે. જ્યારે માણસની બુધ્ધિ બગડે ત્યારે એની સલાહ લેતો હોય છે જેની પાસે બુધ્ધિ નથી. જ્યાં સુધી અંતરમાં સમદ્રષ્ટિ – સંતોષ આવતો નથી ત્યાં સુધી શાંતિ પ્રાપ્ત થતી નથી. એટલું આવી જાય પછી સુખ જ સુખ છે.

દેવકી સર્વ દેવતામયી છે એનામાં સર્વદેવતાનો વાસ છે. સમસ્ત જગતને ધારણ કરનારને દેવકી ધારણ કરે છે. એ કૃષ્ણજન્મ , કૃષ્ણ લીલા, ગોકુળ, મથુરા, વૃંદાવન ની મનભાવન વાતો નું માધુર્ય પૂજ્ય ગુરુમાં ની વાણી માં છલકાતું રહ્યું...એના રસપાન થી ભાવિક હ્રદયો ઘેલા થયા...ગોવર્ધન પર્વત ને ધારણ કરનાર ભગવાન ગિરિધર ની જય.....

સંકલન : મમતા રાવલ

ભાગવત કથામાં શ્રીકૃષ્ણ લીલા સાંભળતા ભાવિકોએ હર્ષાશ્રુ સાર્યા

શ્રીમદ્ભાગવત કથામાં પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ ગુરૂવારે ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું રસપાન કરાવ્યું હતું. નટખટ નંદલાલાની લીલાનું ભાવવાહી વર્ણન સાંભળતા-સાંભળતા અનેક ભક્તજનોએ હર્ષાશ્રુ સાર્યા હતા. ઘર આંગણે પ્રભુ સ્વયં પધાર્યા છે એવી અનુભૂતિ સાથે ભાવિકોએ ભક્તિપૂર્વક નર્તન કર્યાં હતાં. સમદર્શન આશ્રમમાં આનંદ-ઓચ્છવનો માહોલ હતો. પૂ. ગુરુમાની કથામાંથી રત્નકણિકા જેવા વાકયો અહીં પ્રસ્તુત છે :

- વસુદેવ કારાવાસમાંથી ભગવાન શ્રીકૃષ્ણને લઈને નિકળ્યા અને બધા દરવાજા આપોઆપ ખૂલવા લાગ્યા. ભગવાનનો સાથ હોય તો બધા જ બંધનો ખૂલતા જાય છે. માયાને પકડશો તો બધા દરવાજા બંધ થતા જશે. હંમેશા પ્રભુને પકડો.
- ભક્તો-સંતો દુન્યવી દૂનિયાના વિચારો કરતા નથી. તેમની બુધ્ધિતો હંમેશા પ્રભુ સાથે જ જાડાયેલી હોય છે.
- લોભ જાગે પછી માણસ સૂકા પાંદડાની માફક ઉડાઉડ કરતો રહે છે, લોભ માણસને સ્થિરતાથી રહેવા દેતો નથી.
- ગોકુળમાં નંદ ને ઘેર નવ લાખ ગાયો હતી, તો પણ ઘરનો છોકરો માખણની ચોરી કરવા બહાર જતો હતો. ભગવાન શ્રી કૃષ્ણની આ તે કેવી લીલા !
- ભગવાન શ્રી કૃષ્ણએ ખાધેલી માટી તો વ્રજરજનો પ્રસાદ હતી.
- બાળપણથી જ ભાગવતનું આચરણ કરવું જોઈએ. મોટા થઈએ ત્યાં સુધીમાં સંસારનો રંગ ચઢી ગયો હોય છે, પછી ભગવાનનો રંગ ઝડપથી ચઢતો નથી. જયાં સુધી અંતરમાં સમદૃષ્ટિ - સંતોષ આવતા નથી ત્યાં સુધી શાંતિ પ્રાપ્ત થતી નથી.

મોરબી પંથકે હિતેચ્છુ-હમદર્દ ગુમાવ્યો : બ્રિજેશ મેરજાની સ્વ. ભૂપતભાઈ પારેખને શોકાંજલિ

ગાંધીનગર, તા. ૧૯

''સ્વ. ભૂપતભાઈ પારેખ પત્રકાર તરીકે ખૂબજ ઉમદા કાર્ય કરી તેમણે ગાંધીનગરથી દિલ્હી સુધી તેમની સુવાસ ફેલાવી હતી. મોરબીના પ્રશ્નો અંગે હમવતની તરીકે તેઓ હંમેશા મારી સાથે ઉભા રહી યોગ્ય સ્તરે રજૂઆત કરતા રહેતા હતા. તેમના નિધનથી વણિક સમાજે એક ઉમદા આગેવાન, મોરબીએ હિતેચ્છુ હમદર્દ અને પત્રકારીત્વ જગતે એક હોનહાર વરિષ્ઠ પત્રકાર ગુમાવ્યાની લાગણી અનુભવી છે.'' મોરબી-માળીયા(મી)ના ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ મોરબીના વતની અને પત્રકાર જગતમાં ખૂબ મોટુ નામ ધરાવતા હિન્દુસ્તાન સમાચાર એજન્સીના અમદાવાદના બ્યુરો ચીફ સ્વ. ભૂપતભાઈ પારેખને શોકાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે 'મેં અંગત રીતે એક માર્ગદર્શક અને સહૃદયી મિત્ર ગુમાવ્યો છે, છેલ્લે અમે વિધાનસભામાં મળ્યાં ત્યારે મોરબીના બેલા ગામ જે તેમનું વતન છે તેના વિકાસમાં આર્થિક યોગદાન આપવાની તેમણે ઈચ્છા દાખવી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આમા શું ચગાવો છો ? ...એમ તો અમારા કાર્યકાળમાં અમને પણ લોકો મારી મારીને પાડી દેતા હતા...!!!

અખિલ ભારતીય સંત સમિતિનુ અધિવેશન ૪થી જાન્યુઆરીએ ગુજરાતમાં

ગાંધીનગર, તા. ૧૯

અખિલ ભારતીય સંત સમિતિનુ અધિવેશન તા. ૪થી જાન્યુઆરીએ સારસા ખાતે યોજવામાં આવેલ છે. બિન સાંપ્રદાયિકત અલ્પ સંખ્યકો વર્ણ-જાતિભેદના પડકારો તથા રાષ્ટ્રીય એકતા અખંડિતતા માટે ચર્ચા કરવામાં આવશે.

અધ્યક્ષપદ સંભાળી રહેલ આચાર્ય અવિચલદાસજી મહારાજ સાધુ દીક્ષા સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે યોજવામાં આવેલ છે. ૪૦૦થી વધુ મહાત્મા સંતો હાજરી આપશે. અધિવેશનમાં સાધુવાદ સાથે રામ જન્મભૂમિ વિવાદનો સુખદ ચુકાદા માટે આભાર વ્યક્ત કરાશે.

અટલ બિહારીજીના જન્મદિન ૨૫ ડિસેમ્બર સુશાસન દિવસથી રાજ્યમાં ૯ કૃષિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલબિહારી બાજપેયીજીના આગામી જન્મ દિન તા. ૨૫ ડિસેમ્બર સુશાસન દિવસથી ગુડ ગર્વનન્સ ડે થી રાજ્યવ્યાપી કિસાન સંમેલન યોજવાની જાહેરાત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ આ સંદર્ભમાં કહ્યું કે, સ્વ. અટલબિહારીજીના જન્મદિવસને સમગ્ર દેશમાં ગુડ ગર્વનન્સ ડે-સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાતમાં આ વર્ષે સુશાસન દિવસના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકારે કૃષિ કલ્યાણ અને ધરતીપુત્રોના હિતો માટે સુશાસનથી કરેલા નિર્ણયો, કાર્યોને ગ્રામીણ કિસાનો સુધી વ્યાપક સ્તરે પ્રેરિત કરવા રાજ્યમાં નવ જેટલા કૃષિ સંમેલન સુશાસન દિવસ ગુડ ગર્વનન્સ ડે અંતર્ગત યોજાશે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે આ માટેના આયોજનને કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આખરી ઓપ આપી રહ્યો છે.

તદ્અનુસાર આ કૃષિ સંમેલનો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તેમજ કચ્છ, ભાવનગર, મહેસાણા, ગોધરા અને બનાસકાંઠા/પાટણ જિલ્લાઓમાં યોજવાનું આયોજન છે. રાજ્યના ધરતીપુત્રો-કિસાનોની જનભાગીદારી પ્રેરિત કરીને આ ગુડ ગર્વનન્સ કૃષિ સંમેલનનું આયોજન કરવામાં આવશે.

બાલવા ચોકડી સર્કલ મોટુ કરો

બાલવા ચાર રસ્તા પર હયાત સર્કલ મોટુ કરવા ગ્રામજનો તથા આજુબાજુના ગામોની વર્ષો જૂની માંગણી છે. ગાંધીનગરથી મહેસાણા અંબાજી તથા ઉત્તર ગુજરાતના મહત્વોના સ્થળોએ અહીંથી વાહનો પસાર થાય છે. ગોઝારીયા-માણસા જવા માટે ખુબજ મહત્વનો ટર્નિંગ છે. સર્કલ નાનુ હોવાથી ગમખ્વાર અકસ્માતો અવારનવાર બને છે. ભાદરવા સુદ પૂનમે અંબાજીના પગપાળા સંઘો પણ અહીંથી પસાર થાય છે. તો વર્ષો જૂની ફરિયાદને માર્ગ વિભાગ ધ્યાન આપે તેવી રજુઆત કરવામાં આવેલ છે.

મીત ગજ્જરનું નગરરત્ન પુરસ્કાર (એવોર્ડ) પ્રમાણપત્રથી સન્માન

ગાંધીનગરના મીત ગજ્જરે 'મેન્ટલ એરેથમેટિક'માં નોર્થ ગુજરાત, ગુજરાત સ્ટેટ, નેશનલ લેવલે ઉત્તમ પર્ફોમન્સ બતાવી વિવિધ એવોર્ડ્સ પ્રમાણપત્ર બદલ તથા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા 'વિશિષ્ટ સિદ્ધિ એવોર્ડ-૨૦૧૯' મેળવવા બદલ ગુજરાત સરકારના મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે પ્રશસ્તિપત્ર મેળવવા બદલ તેમજ રોટરી ક્લબ, જેસીઆઈ દ્વારા સન્માનિત થયેલ મીત ગજ્જર 'ગણનક્રિયા'માં નિપૂણ હોઈ ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ દ્વારા 'નગરરત્ન' પુરસ્કાર (એવોર્ડ) પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ છે.

આલમપુર ગામે મા અમૃતમ વાત્સલ્યના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના આલમપુર ગ્રામ પંચાયત ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે મા અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત તા. ૭-૧૨-૨૦૧૯ના શનિવારના રોજ કાર્ડ મેળવવા માટે કેમ્પ યોજાયો હતો. ત્યારબાદ તા. ૧૮-૧૨-૧૯ના રોજ ગામના ૩૬ લાભાર્થીઓના યોજનાના કાર્ડ તૈયાર થતાં પીએલવી નટુભાઈ પટેલ તથા સુધીરભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ગામના આગેવાનો સાથે રહીને રૂબરૂ કાર્ડ વિતરણ કરવામાં આવ્યુ હતુ. લાભાર્થીઓને કાર્ડ ઘરબેઠા મળતાં આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

કલોલના તબીબોને ક્ષય નિયંત્રણ કાર્યક્રમના ફેરફારોથી અવગત કરાયાં

કલોલ મેડિકલ એસો. અને ઈન્ડીયન મેડિકલ એસો.ના સહયોગથી ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ખાનગી ડોક્ટર્સને ટીબી અંગેની માહિતી આપાઈ હતી.

આ વર્કશોપમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણ દ્વારા રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત આવેલ ફેરફાર અંતર્ગત તમામ ડોક્ટરને માહિતગાર કરવામાં આવેલ. જેમાં નિદાન, સારવાર અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે ભારત સરકારના રાજપત્ર અનુસાર પ્રાઈવેટમાં નોંધાતા તમામ દર્દીઓની સરકારમાં સમયસર નોંધણી કરાવવા અંગેની માહિતી આપેલ. તમામ પ્રાઈવેટ ડોક્ટર જો ટીબી નોંધણી કરાવશે તો સરકારશ્રી દ્વારા તેઓને દર્દીની નોંધણી દીઠ ૫૦૦ રૂપિયા મળવાપાત્ર છે એ અંગેની માહિતી આપવામાં આવી હતી તેમજ પ્રાઈવેટમાં સારવાર લેતા તમામ ટીબીના દર્દીને ભારત સરકારની પેનક્ષય પોષણ યોજના અંતર્ગત ૫૦૦ રૂપિયા મળવાપાત્ર છે તે અંગેની માહિતી આપવામાં આવી હતી.

વધુમાં જણાવ્યું કે નોટીફીકેશન એક્ટ મુજબ દરેક પ્રાઈવેટ ડોક્ટરે ટીબીના દર્દીની નોંધણી કરાવવી ફરજીયાત છે અને પ્રાઈવેટ મેડિકલ સ્ટોર દ્વારા સીડ્યુલ એચ-૧ રજીસ્ટર અંતર્ગત ટીબીની દવાના વેચાણ અંગેની માહિતી આપવાની રહેશે. જો આ અંગેની માહિતી પ્રાઈવેટ સેક્ટરના ડોક્ટર કે કેમીસ્ટ દ્વારા છુપાવામાં આવશે તો તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૨ સુધીમાં ટીબી નાબૂદ કરવાનો હોય તો આપ સર્વેનો ખૂબ જ સહકાર જોઈએ તો અમે ટીબી નાબુદ અભિયાનને સફળ બનાવી શકીશુ.

જાહેર નોટીસ

જે.એમ. ભોરણિયા (જી.એ.એસ.) પ્રાંત અધિકારીશ્રી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરની કોર્ટમાં

જન્મ-મરણ અપીલ નં. ૧૦/૨૦૧૮

અરજદાર : શ્રી ભરતભાઈ જયંતિલાલ પંડ્યા
રહે. પ્લોટ નં. ૪૯૪/૨,સેક્ટર-૨૨, તા.જી. ગાંધીનગર

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કોલવડા
કોલવડા ગ્રામ પંચાયત, મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર

બાબત : જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) નીચે વિવાદ અરજી.

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા નામે 'ઈન્દુબહેન જયંતિલાલ પંડ્યા'નું અવસાન તા. ૨૨/૧/૨૦૧૪ના રોજ મોજે-કોલવડા, તા.જી. ગાંધીનગર ખાતે થયેલ છે. જેઓના મરણની નોંધણી શરતચૂકથી મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે. જેથી 'ઈન્દુબહેન જયંતિલાલ પંડ્યા'નું મરણનું પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીશ્રી, કોલવડા કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અપીલ નં. ૧૦/૨૦૧૮થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા કે વ્યક્તિને અરજદારશ્રીના માતાને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં આ નોટીસ પ્રસિદ્ધ થયેથી ૩૦ દિનમાં વાંધો રજૂ કરવાનો રહેશે. જો કોઈ વાંધો કે તકરાર રજૂ નહી થાય તો આગળની યોગ્ય અને ન્યાયીક કાર્યવાહીથી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૬/૧૨/૨૦૧૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
(જે. એમ. ભોરણિયા)
પ્રાંત અધિકારી, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ